**ક્રિમીનલ કેસ નં.૫૭૮૧૧/૨૦૧૯**

**આંક–૧ લગત હુકમઃ–**

---

(૧) આરોપી સામે **શાહપુર પોલીસ સ્ટેશને** ગુનો નોંધી તેઓની વિરૂધ્ધ અત્રેની અદાલતમાં ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલું. તે કામે કેસનું રેકર્ડ જોતાં આરોપી ઉપર વારંવાર પ્રોસેસ ઈસ્યુ કરવા છતાં આરોપીને અદાલત સમક્ષ હાજર રખાવવામાં સરકાર પક્ષ નિષ્ફળ ગયેલ છે. આજ રોજ રાષ્ટ્રીય લોક અદાલતના દિવસે ખાસ સીટીંગનું આયોજન કરવામાં આવેલું હોય તથા આરોપી વિરૂધ્ધ ઈસ્યુ કરવામાં આવેલ પ્રોસેસ સંદર્ભે કોઈ અસરકારક બજવણી સરકાર પક્ષે કરવામાં આવેલ નથી. સરકાર પક્ષ આરોપીને અદાલતમાં હાજર રખાવવા માટે સદંતર નિષ્ફળ ગયેલ છે, તેમજ ફરીયાદ પક્ષની નિષ્ફળતાના કારણે સદર કેસ લંબાયેલ છે. તેમજ સદર કેસનો પ્રકાર ધ્યાને લેતાં તે સમન્સ ટ્રાયબલ ગુનાનો છે તથા આ અદાલત સમક્ષ આ સદર કામ પોલીસ ચાર્જશીટ ઉપરથી ઉપસ્થિત થયેલ છે ત્યારે આરોપીને અદાલત સમક્ષ હાજર રખાવવા ફરીયાદ પક્ષને વ્યાજબી અને પુરતી તક આપેલી છે તેમછતાં ફરીયાદ પક્ષે આરોપીને સદરહું કોર્ટમાં હાજર રખાવેલ નથી. સદર કેસનો પ્રકાર તેમજ કેસ ઉપરની હકીકત તથા કેસનું રેકર્ડ તથા રોજકામ ધ્યાને લેતાં તથા ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૫૮ વંચાણે લેતાં સદર કલમ–૨૫૮ માં કરવામાં આવેલી જોગવાઈઓ તથા તેની પાછળ વિધાન મંડળનો ઉદ્વેશ ધ્યાને લેતાં હાથ ઉપરના કેસમાં સદર કલમ હેઠળ આ અદાલતને નિયત કરવામાં આવેલ સત્તાનો ઉપયોગ કરવાનું ન્યાયોચિત જણાય છે. વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા રંજન ત્રિવેદી વિ. સી.બી.આઈ., એ.આઈ.આર. ૨૦૧૨(સુ.કો.) ૩૨૧૫ ના ચુકાદામાં ઠરાવેલ છે કે, ક્રિમીનલ કોર્ટ દ્વારા ઉચિત કેસમાં ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૫૮, ૩૦૯, ૩૧૧ ની સત્તાનો ઉપયોગ ન્યાયના હિતમાં કરવો જોઈએ. વધુમાં નામદાર બોમ્બે હાઈકોર્ટ દ્વારા મુલચંદ મોતીલાલ રાકા વિ. મહારાષ્ટ્ર રાજ્ય અને અન્ય, ૧૯૯૬(૨) ક્રાઈમ્સ (બોમ્બે) ના ચુકાદાનો સિધ્ધાંત ધ્યાને લેતાં પણ હાથ ઉપરના કેસની હકીકત જોતાં ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૫૮ હેઠળ મળેલ સત્તાનો ઉપયોગ કરવો ન્યાયોચિત જણાય છે.

(૨) ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૫૮ માં કરવામાં આવેલ જોગવાઈ ધ્યાને લેતાં તેમજ નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદા ધ્યાને લેતાં હાથ પરના કેસમાં ફો.કા.સંહિતાની

કલમ–૨૫૮ હેઠળ મળેલ સત્તાનો ઉપયોગ કરવો ન્યાયોચિત જણાય છે.

(૩) ફો.કા.સંહિતાની કલમ–૨૫૮ માં કરવામાં આવેલ જોગવાઈ ધ્યાને લેતાં તથા હાથ પરના કેસની હકીકતો ધ્યાને લેતાં કેસ ઘણો જૂનો હોય તથા પોલીસ એજન્સી તથા ફરીયાદ પક્ષને આરોપી હાજર રખાવવા માટે પૂરતી અને વ્યાજબી તક આપવા છતાં આરોપીને હાજર રખાવી શકેલ નથી. આરોપી વિરૂધ્ધ અવાર નવાર પ્રોસેસ ઈસ્યુ કરવા છતાં ફરીયાદ પક્ષ આરોપીને હાજર રખાવવામાં સદંતર નિષ્ફળ નીવડેલ હોય આરોપી વિરૂધ્ધ આક્ષેપાયેલ ગુનો, તે સામે ધારાકિય જોગવાઈ મુજબ થવાને પાત્ર વધુમાં વધુ જોગવાઈ જોતાં તેમજ કેસનો પ્રકાર જોતાં કેસને વિશેષ લંબાવવા માટે વ્યાજબી કારણ જણાતું નથી. વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા પી.આર.રાવ વિ. સ્ટેટ ઓફ કર્ણાટકા, જી.એલ.આર. ૨૦૦૨(૨) ૧૫૪૯ ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદાના સિધ્ધાંત તથા ફો.કા.સંહિતાની કલમ–૨૫૮ ની જોગવાઈ ધ્યાને લેતાં ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુ ક મ**

(૧) આ કામે ફો.કા.સંહિતાની કલમ–૨૫૮ અન્વયે આરોપી સામેની હાલની કાર્યવાહી સ્થગિત કરી સદર કેસમાંથી આરોપીને બિનતહોમત છોડી મુકવામાં આવે છે.

(૨) જો આરોપી ભવિષ્યમાં મળી આવે તો તેઓ સામે ફો.કા.સંહિતાની કલમ–૩૦૦(૫) મુજબની આ કોર્ટ દ્વારા પરવાનગી અપાયેલી છે તેમ સમજી જે તે તબક્કેથી કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**(ભાસ્કરકુમાર રામેશ્વરપ્રસાદ દવે)**
એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૨૫, અમદાવાદ.
(Judge Code No.GJ01073)

અમદાવાદ.
તા. ૧૪.૦૯.૨૦૧૯